# શૈક્ષણિક, પ્રાકૃતિક, સાંસ્કૃતિક, અને ધાર્મિક પ્રવાસ.

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન દ્વારા પ્રશિક્ષણાર્થીઓમાં શૈક્ષણિક, પ્રાકૃતિક, સાંસ્કૃતિક તથા ધાર્મિક દૃષ્ટિકોણ વિકસે તે હેતુથી તા. ૨૭/૦૧/૨૦૧૮ થી ૩૦/૦૧/૨૦૧૮ દરમ્યાન કચ્છના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રવાસ દરમ્યાન ભૂજ દર્શન, માંડવી, ગોધરા મંદિર, મુંદ્રા પોર્ટ, અંજાર, કાળિયો ડુંગર, સફેદ રણ વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી. ભુજમાં સ્વામીનારાયણ મંદિર, આઈના મહેલ, પ્રાગ મહેલ, હમિર સરોવરની મુલાકાત લીધી હતી. માંડવીમાં ચોપાટી પર દરિયા કિનારે આનંદ માણ્યો હતો. ત્યારબાદ માંડવીનો પ્રસિદ્ધ વિજય પેલેસની મુલાકાત લીધી હતી. મુંદ્રા પોર્ટની મુલાકાત લઈ તેની કામગીરી નિહાળી હતી. અંજારમાં જેસલ તોરલની સમાધિનાં દર્શન કર્યાં હતાં. કાળિયા ડુંગરની મુલાકાત લઈ કુદરતનો નજારો નિહાળ્યો હતો. ત્યારબાદ કચ્છના પ્રખ્યાત સફેદ રણની મુલાકાત લીધી હતી.

સમગ્ર પ્રવાસનું આયોજન અને સંચાલન ડૉ. જયકર એસ. મેકવાન કર્યું હતું. આ પ્રવાસમાં ડૉ. ડી.યુ. પટેલ, ડૉ. જે. જે. દીક્ષિત, પ્રા. સુભાષભાઈ મકવાણા તથા પ્રા. હિરેન શાહ, શ્રી નિલેષભાઈ પરમાર તથા શ્રી અંબાલાલ વસાવા પણ જોડાયા હતા. સમગ્ર પ્રવાસની સફળતા માટે સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તથા સેક્રેટરી શ્રી ભીખુભાઈ એન. પટેલ તથા આચાર્યશ્રી ડૉ. ડી.યુ.પટેલ સાહેબ તથા સ્ટાફ મિત્રોનો ડૉ. જયકર એસ. મેકવાને આભાર વ્યક્ત કર્યો હતો.



